શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ




એપ્રિલ-૨૦૧૯ અંક - ૪ વર્ષ ૫૬ સળંગઅંક ૪૬૨ માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

# હાર્દિક હૃદયાંજલી



**સ્વ. ગં.સ્વ. મધુબેન હિંમતલાલ પંચોલી**
**સ્વર્ગવાસ તા. ૨૩.૦૩.૨૦૧૯**

મારી 'માં' જ મારા માટે ભગવાન છે, તેના ચરણોમાં રહેવું વરદાન છે...
તેનો હાથ માથા પર છે તો સુખી છું હું, નહીં તો મારું જીવન, કયાં આસાન છે..
બાકી બધાનું મહત્વ પણ છે જીવનમાં, સૌથી ઉપર માનું જ સ્થાન છે...
મંદિર-મસ્જીદ 'માં' જ છે અખ્તર, એજ મારી પૂજા એજ મારી અઝાન છે....
પ્રભુ આપના આત્માને ચિર:શાંતિ અર્પે એજ અમારા સૌની
હૃદયાંજલી

## અર્પણકર્તા

શ્રી કનુભાઈ હિંમતલાલ પંચોલી — શ્રીમતિ ચંદ્રિકાબેન કનુભાઈ પંચોલી
ચિ. પાર્થ કનુભાઈ પંચોલી
શ્રી ચિરાગકુમાર વિજયકુમાર મપારા — શ્રીમતિ શ્રુતિબેન ચિરાગકુમાર મપારા
ચિ. સવ્ય ચિરાગકુમાર મપારા
શ્રી અરુણકુમાર ચંદુલાલ પંચોલી — શ્રીમતિ ભુરીબેન અરૂણકુમાર પંચોલી
શ્રી ઈન્દ્રવદનભાઈ રમણભાઈ પંચોલી — શ્રીમતિ રમીલાબેન ઈન્દ્રવદનભાઈ પંચોલી
શ્રી સતિષચંદ્ર નટવરલાલ પંચોલી — શ્રીમતિ જ્યોત્સનાબેન સતિષચંદ્ર પંચોલી
શ્રી કાન્તીલાલ મોહનલાલ પંચોલી — શ્રીમતિ પ્રેમિલાબેન કાન્તીલાલ પંચોલી

તારાપુર રોડ, હાઈસ્કૂલ સામે મુ.પો.તા.પાવી-જેતપુર જિ. છોટાઉદેપુર - ૩૯૧ ૧૬૦
ફોન : ૦૨૬૬૪-૨૪૨૮૪૮ મો. - ૯૪૨૭૫ ૩૮૬૩૫

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## એપ્રિલ-૨૦૧૯

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રીની કલમે...



વ્હાલા જ્ઞાતિજનો

કુશળ હશો...

આજના કોમ્યુટરયુગમાં માનવીઓ બેફામ બન્યા છે... ત્યારે કુદરતના નિયમો અને પર્યાવરણને બચાવવા સેવ-ડે ઉજવવા પડે છે.... સેવ-સ્પેરો ડે, સેવ વોટર ડે, સેવ અર્થ-ડે.. કારણ પ્રગતિ અને આધુનિકતાની દોડમાં વૃક્ષોનું નિકંદન, જંગલોનો નાસ અને દિવસે દિવસે ઝાડોની જગ્યાએ કન્સટ્રશનના જંગલો વધી ગયા... જયાં જુઓ ત્યાં પાણીનો બગાડ... અને સર્વેક્ષણ મુજબ હવે થોડા વર્ષો ચાલે એટલો જ પાણીનો જથ્થો રહ્યો છે.. ત્યારે આપણે વિચારવું જ રહ્યું કે કુદરતની વિરૂધ્ધમાં જઈને આપણે કેટલા સુખી અને ખુશીમાં રહી શકીશું ? દિવસે દિવસે વધતો જતો ગરમીનો કોપ અને પાણીની તંગી... નદી નાળા સુકાઇ ગયા, ડેમોમાં પણ પાણી ઓછુ થવા માંડયું હજુ તો એપ્રિલ માસ ચાલે છે.. હજી બે થી ત્રણ માસ આપણે સહન કરવાનું છે... કેવી રીતે કરી શકીશું ????

આપણે પાણી બચાવવાના કેટલા બધા ઉપાયો વોટસએપ પર વાંચ્યા, અમલમાં કેટલા મુકયા..? પપહેલા સવારમાં દાતણ કરતી વખતે એક લોટો પાણી લેતા, નહાવા માટે એક ડોલ પાણી જ લેવાનું અને ટોયલેટ માટે પણ એક કે બે લીટર પાણીથી ચલાવતા. પણ આજે આપણે કેટલી સમૃધ્ધી ભોગવીએ છીએ.. અને પાછી ફરીયાદ ચાલુ છે... તાપી નદી સુકાય ગઇ છે.. નર્મદા નદી એક વહેણ બની ગઇ, વિશ્વામિત્ર નદી ગણર બની ગઇ.... કોણે બનાવી ? આ 'અર્થ ડે' ના દિવસે અંતઃદ્રષ્ટિ કરવી જ૧રી છે.. આ બધા માટે આપણે સૌ જવાબદાર છીએ... અને એનું નિરાકરણ પણ આપણે જ લાવવું પડશે....વિચારો..... શું કરી શકીએ ?

અંતમાં કોઇએ મોકલાવેલ કવોટ.....
'એક વૃક્ષ અપલોડ કરી જુઓ...
વાદળોનું ટોળુ આવશે લાઇક કરવા...

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય ડી. મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સૌ.સ.મહામંડળ
૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો,

કુશળ હશો..

હાલમાંજ રંગોનો તહેવાર ધૂળેટી ગયો તમામ જ્ઞાતિજનો ના જીવનમાં ખુશીના રંગો કાયમ રહે એવી શુભેચ્છાઓ..

તા. ૦૮.૦૩.૨૦૧૯નો દિવસ એટલે વુમન્સ ડે સમાજની ઘણી મહિલાઓએ પોતાના ફિલ્ડમાં આપણને ગૌરવ ફિલ થાય એવી સિદ્ધીઓ મેળવી છે.. આજે સ્વીમીંગમાં નવસારીના રમીલાબેન બકુલભાઇ મિસ્ત્રીએ રાજ્યકક્ષાએ અનેક મેડલો મેળવ્યા છે. ગ્લેમર વર્લ્ડમાં અંકલેશ્વરના અમીષાબેન અજયભાઇ પંચોલીએ મીસીસ ઇન્ડિયા યુનીવર્સલમાં ચાર્મીસ્ટીક તરીકે પસંદગી પામ્યા છે.. સુરતના રશ્મીબેન અનિલભાઇ પંચોલી સમગ્ર ઇન્ડિયામાંથી કેરગીવર્સ રનર અપ તરીકે પસંદગી પામ્યા છે. વડોદરાના શ્રીમતિ સુરેખાબેન ભરતભાઇ પંચોલીએ નેશનલ લેવલ આર્ટ કોમ્પીટીશન(મુંબઇ) માં રંગોત્સવ સેલીબ્રેસનમાં આર્ટ ટીચર તરીકે 'કલા તપસ્વી એવોર્ડ' તથા દિલ્હી ખાતે બેસ્ટ આર્ટ ટીચર તરીકે 'અવન્તિકા અટલ સન્માન નેશનલ એવોર્ડ-૨૦૧૮-૧૯' મળ્યા છે.. તથા અમદાવાદના પલ્લવીબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રીએ હાસ્ય લેખિકા તરીકે પ્રસ્થાપિત કરી જ દીધા છે..આમ વિવિધ ક્ષેત્રમાં પંચોલી સમાજનો પરચમ લહેરાવી રહેલ તમામ બહેનો માટે સમાજ ગૌરવ અનુભવી રહ્યો છે..

માર્ચ મહિનો એટલે ઇયર એન્ડિંગનો મહિનો.. અને તમામ પોતાના એકાઉન્ટ કલીયર કરવામાં પડયા હશો.. અમારી તમામ સંલગ્ન સંસથાઓના હોદ્દેદારોને આગ્રહભરી વિનંતી છે કે માર્ચ મહિનો પુરો થતા જ આપની સંસ્થાના એકાઉન્ટ મહામંત્રી / ખજાનચી તરફ રવાના કરશો જેથી સમયસર એકાઉન્ટ પૂર્ણ કરી શકાય.

જે એકમો હાલમાં એકટીવ નથી તેવા તમામ એકમોને પણ નાના મોટા કાર્યક્રમો કરવા આહ્વાન છે. તમો અમોને જ્યારે પણ બોલાવશો ત્યારે આપના એકમોની મુલાકાત લેવા તથા બનતી સહાય કરવા મહામંડળ કટીબધ્ધ છે. પાલ એકમ પાસે એકાદ પોગ્રામની અપેક્ષા છે. અંકલેશ્વર તથા સ્વયં પોતાની રીતે આગળ વધી રહ્યા છે. અંકલેશ્વર સ્વયં એકમ ડિસેમ્બર ૨૦૧૯ના અંતમાં યોજે છે...'આકાંક્ષા-૩' અંકલેશ્વર સ્વયં ગ્રુપને અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ... સહ જ્ઞાતિજનોને નમ્ર આપીલ કે આ પોગ્રામની સફળતા માટે દરેક જ્ઞાતિજનો તને-મને અને ધને કરીને સહાયરૂપ બનો... સ્વ. સી.ટી.સ્મારક નિધિ, મહિલા મંડળ પણ આ દિશામાં વિચારી શકે. ટૂંકમાં વર્ષે બે વર્ષે એકાદ પોગ્રામ થાય તે જરૂરી છે. મુશ્કેલ છે પણ અશકય નથી.

વેબ સાઇટ એડમીનની વધુ એક જાહેરાત મુજબ જે એકમમાં કોઇપણ સમાજ લક્ષી પોગ્રામ જેવા કે કારોબારી, વાર્ષિક મિટિંગો, પ્રવાસનું આયોજન વિગેરેની માહિતીઓ મોકલવામાં આવશે તો ફોટા સહિત ઇ-નવયુગ ગ્રુપમાં અપલોડક કરવામાં આવશે. આપણે જાણીએ છીએ કે ઇ-નવયુગ સમાજના સૌગી વધુ સંખ્યા ધરાવતું ગ્રુપ છે..

અંતમાં કોઇએ મોકલાવેલ કવોટ.....

'સમય કે પાસ ઇતના સમય નહી કી આપકો વો દોબારા સમય દે શકે......' ....અજ્ઞાત



# હાર્દિક હૃદયાંજલી



**સ્વ. બાબુભાઈ હરગોવિંદદાસ પંચોલી**

**જન્મ તા. ૦૧.૦૪.૧૯૫૦ સ્વર્ગવાસ તા. ૦૯.૦૨.૨૦૧૯**

જિંદગી મળવી એ મુશ્કેલ છે, મૃત્યુ એ જીવનનું સત્ય છે.
મૃત્યુ પછી સૌના જીવનમાં જીવતા રહેવું એ જિંદગીમાં કરેલા કર્મોનું પરિણામ છે.
મરણ કરતાં સ્મરણ બળવાન છે. અમારા માટે આપનું સ્મરણ એક વરદાન છે..
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે
એજ પ્રાર્થના...

## અર્પણકર્તા

ગં.સ્વ. જ્યોત્સનાબેન બાબુભાઈ પંચોલી

**ન્યુ મોર્ડન ટેલર-સુથારવાડ અંકલેશ્વર**

હેમીલકુમાર મહેશભાઈ મિસ્ત્રી — રચના હેમીલકુમાર મિસ્ત્રી
જૈવિક હેમીલકુમાર મિસ્ત્રિી
વસઈ

| | |
|---|---|
| સ્વ. હરગોવનદાસ પરસોત્તમદાસ પંચોલી | સ્વ. મણીબેન હરગોવનદાસ પંચોલી |
| સ્વ. ભોગીલાલ હરગોવનદાસ પંચોલી | સ્વ. પદમાબેન ભોગીલાલ પંચોલી |
| શ્રી રમણભાઈ હરગોવનદાસ પંચોલી | તારાબેન રમણભાઈ પંચોલી |
| સ્વ. નટવરભાઈ હરગોવનદાસ પંચોલી | સ્વ. પુષ્પાબેન નટવરભાઈ પંચોલી |
| શ્રી ચંદુભાઈ હરગોવનદાસ પંચોલી | મીનાબેન ચંદુભાઈ પંચોલી |
| સ્વ. સંજય ભોગીભાઈ પંચોલી | સ્વ. રેશ્માબેન સંજય પંચોલી |
| શ્રી ચેતન રમણભાઈ પંચોલી | ઉર્મીશા ચેતન પંચોલી |
| શ્રી અજય ચંદુલાલ પંચોલી | અમિષા અજય પંચોલી |
| શ્રી પ્રશાંત ચંદુલાલ પંચોલી | અમિતા પ્રશાંત પંચોલી |

દિશા - શુભમ - હેનીલ - ક્યાન
સ્મીત - રિદ્ધિ
અંકલેશ્વર

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત**

# આકાંક્ષા-૩

**આયોજક**

**શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર સ્વયં ગ્રુપ-અંકલેશ્વર**
**શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર**

અંકલેશ્વર એકમ દ્વારા ડિસેમ્બર-૨૦૧૯ના અંતમાં ભવ્ય રંગારંગ કાર્યક્રમ

# આકાંક્ષા-૩

નું આયોજન કરવામાં આવશે...
પોગ્રામના આયોજન માટે કયા પોગ્રામનું આયોજન કરવું
તેના સજેશનો તથા સુચનો મોકલશો..
તન-મન અને ધનથી આપ સૌના સહકારની અપેક્ષા સહ....

ડૉ. વિસ્મય એમ. મિસ્ત્રી
પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર

એ-૫૪, અંબે ગ્રીનસીટી, સનાતન સ્કૂલ પાછળ, વાલીયારોડ, અંકલેશ્વર - ૩૯૩ ૦૦૧
મો. ૯૭૨૭૯ ૪૭૩૦૦

## પાછો આવીશ

સમયના વહેણમાં માનવ જન અટવાય,
અહંકારના ગુમાનમાં ખૂદ ગયો ભુલાય.

હું કરૂ, હું કરૂ કરનાર છે કરતાર, ને તું ફોગટ ફુલાય,
સંગે ન આવે જર, જોરૂ, સર્વ અહીં રહી જાય.


સુવાસ જગે ફેલાવી એ, જીવન મહેંકે સદાય,
અવગુણ જો ઉરે વસે, તો કાંટા માંહે સમાય.

દુવા લઈએ દીનની નવ વદીએ ખોટા બોલ,
ઠાર્યા હશે દુઃખી જનને, તો કુદરત પણ મલકાય.

અધીર વિનવે હે.... ઈશ્વર મને દોસ્તથી બચાવજે,
ને દુશ્મનથી બચવા, હું જાતે કરીશ ઉપાય.

કહો દુશ્મનોને દરિયા જેમ હું પાછો આવીશ
ગુણો ભુલ્યા જે જન ભલે અવગુણી થઇ હરખાય

અમૃત સી. પંચોલી-અધીર મુંબઇ



SHAIL
Photo :31.03.2003

## WISHING YOU BRIGHT FUTURE
## HAPPY BIRTH DAY
## Shail

Birth Dt : 31.03.2003

Lovingly yours

Sanjay Papa   Nilima Mom   Vidhey
Nova Foi   Jayesh Fuvaji   Rutvi Didi

DADA : DADI
And All Family members

**Bipin J Pancholi**
9/783 Sri Krushna Krupa,
Kanpura Main Road
VYARA 394650
Dist. Tapi (Gujarat)
Mob : 9898575025

**Sanjay Pancholi**
B-5/302 Montvert Pristine
Off. Aundh Road, Khidki
POONA : 411020
Maharashtra
Mob : 09822569751

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સૅવા સમાજ મહામંડળ'ના
નામૅ સુરત શાખાની બૅંક ઑફ બરૉડાનાં
સૅવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવૉ અનૅ કાઉન્ટર મૉકલી અમૉનૅ જાણ કરૉ...
પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

## બારમી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી



**ગં.સ્વ. જશવંતીબેન શાંતિલાલ મિસ્ત્રી**
**સ્વ. : તા.૧૭.૪.૨૦૦૭**

પ્રભુ આપના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના

**અર્પણકર્તા**
મીનાબૅન-હિતૅશભાઇ શાંતિલાલ મિસ્ત્રી
ચિ. નૅહા - ચિ. યુગ
મૅહુલકુમાર શાંતિલાલ મિસ્ત્રી
૧૦, રણછૉડકૃપા સૉસાયટી, અંદાડા, અંકલૅશ્વર

સાધનાબૅન-હૅમલભાઇ શાંતિલાલ મિસ્ત્રી
બ્લૉક નં.૩, રૂમ નં. ૩૫, ગુ.હા.બૉર્ડ, હસ્તી તળાવ પાસૅ,
અંકલૅશ્વર-૨   મૉ. ૯૬૮૭૦ ૭૫૪૩૮

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી મધુસુદનભાઈ ચંદુલાલ પંચોલી વડોદરા | શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ પંચોલી વડોદરા

# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના સને ૨૦૧૯-૨૦

**આ યોજનાનો હેતું :-** સદર યોજનાના સભ્યના અણધાર્યા અવસાન સમયે કુટુંબને જે આર્થિક આપત્તિ આવી પડે છે તેમાં સહાયરૂપ થવું.

**સભ્યપદ :-** ❖ સદર યોજનામાં સભ્ય બન્યા પછી૪૦ વર્ષ સુધી વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. ત્યારબાદ મૃત્યુ સુધી સભ્યપદ ચાલુ રહેશે. મૃત્યુબાદ જ વારસદારને રકમ ચુકવવામાં આવશે. ❖ પંચોલી જ્ઞાતિ સમાજના ૫ થી ૫૦ વર્ષની ઉંમરના કોઈપણ સ્ત્રી કે પુરૂષ સદર યોજનાના સભ્ય થઇ શકશે. ❖ ઉંમરના પુરાવા માટે જન્મ તારીખનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા આ બન્ને ઉપલબ્ધ ન હોય તો એફીડેવીટ સ્વીકારવામાં આવશે.

**વાર્ષિક ફાળો :-** ❖ દર વર્ષે એપ્રિલ માસમાં પંચોલી નવયુગના અંકમાં આગલા વર્ષના મૃત્યુ પ્રમાણે ભરવાની રકમ જાહેર કરવામાં આવશે. કોઈપણ ૧ થી ૪ વ્યકિતના મરણ થાય તો ઓછામાં ઓછા રૂા. ૧૦૦ વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. ❖ મૃત્યુ દર પાંચ કે તેની ઉપર થતા મૃત્યુ દીઠ રૂા. ૨૫ પ્રમાણે વાર્ષિક ફાળો આપવાનો રહેશે. દા.ત. : ૭ મરણ થાય તો ૭ × ૨૫ = ૧૭૫ આપવાના થાય. મૃત્યુદીઠ રૂા. ૨૫ માંથી રૂા. ૨૦/- સભ્યની સહાયમાં વપરાશે તથા રૂા. ૫/- સ્થાયીફંડમાં જમા થશે.

**આ વર્ષે વાર્ષિક ફાળો સભ્ય દીઠ રૂા. ૨૫૦/- ભરવાના રહેશે જેની નોંધ લેવી.**

**❖ વાર્ષિક ફાળાની રકમ દર વર્ષે ૩૧ મે સુધીમાં જમા કરાવવાની રહેશે. જુન માસમાં રૂા. ૧૦/- લેઈટ ફી તથા જુલાઈ માસમાં રૂા. ૨૦/- લેઈટ ફી વધારાના આપવાના રહેશે. પૂર્ણ થતા નાણાંકિય વર્ષ સુધીમાં વાર્ષિક ફાળો ન જમા કરાવનારનું સભ્યપદ રદ કરવામાં આવશે.**

❖ સભ્યના અવસાન સમયે સભ્યોની સંખ્યાના ગુણાંકમાં રૂા. ૨૦/-પ્રમાણે સહાય આપવામાં આવશે. દા.ત. ૧,૫૦૦ સભ્યો હોય તો ૩૦,૦૦૦ સહાય મળશે. ❖ અકસ્માતથી મરણ થતા સમાજ સુરક્ષા યોજનાની સહાય ઉપરાંત અકસ્માત વિમાની રકમનો લાભ પણ મળશે.

**❖ હૃદયના વાલ્વની બિમારી, કિડનીની બિમારી, કેન્સર, બાયપાસ કરેલ દર્દી, એઈડસ્ કે અન્ય ગંભીર બિમારીથી પીડાતી વ્યકિત આ યોજનામાં જોડાઈ શકશે નહી. નવા જોડાનાર સભ્યએ અરજીપત્રકમાં છેલ્લા ૨ વર્ષથી કોઈ ગંભીર બિમારીમાં પડયા નથી તેની જાહેરાત કરવાની રહેશે. ખોટી માહિતી આપનારને યોજનાનો લાભ મળશે નહી.**

આથી સમાજ સુરક્ષા યોજના ના સર્વે સભ્યોને જણાવવાનું કે, **સને ૨૦૧૯-૨૦ ના વર્ષની વાર્ષિક ફાળાની રકમ રૂા-૨૫૦.૦૦(સભ્ય દીઠ) તા.૧.૪.૨૦૧૯ થી તા.૩૧.૫.૨૦૧૯ દરમ્યાન સમાજ સુરક્ષા યોજનાના અધ્યક્ષ શ્રી નવિનભાઈ સી. પંચોલી ને નીચે જણાવેલ સરનામા પર ફકત રોકડા અથવા 'શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના' ના નામ નો ફકત રાષ્ટ્રીયકૃત બેંકના ડિમાન્ડ ડ્રાફ્ટ થી મોકલવા વિનંતી છે. સભ્યશ્રીઓ એ પોતાનો સભ્ય નંબર અવશ્ય જણાવવો. કુટુંબદીઠ એક જ રસીદ બનાવવામાં આવતી હોવાથી ફાળાની રકમ કુટુંબદીઠ મોકલવા વિનંતી છે.** સાથે સમાજના આ યોજનામાં જોડાવવા માટે બાકી રહેલ જ્ઞાતિજનો ને વિનંતી કરવામાં આવે છે કે, આ સાથે ફોર્મ સામેલ છે તો તમો પણ આ યોજનામાં જોડાય સમાજ સેવાના આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા વિનંતી કરવામાં આવે છે. દરેક એકમના પ્રમુખશ્રીઓ તથા મંત્રીશ્રીઓને પણ વિનંતી કરવામાં આવે છે કે આપના એકમના જે જ્ઞાતિજનો આ યોજનામાં જોડાવાના બાકી છે તેવા જ્ઞાતિજનો ને આ યોજનામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

**નવિનભાઈ સી. પંચોલી-અધ્યક્ષ**
**રાજેશભાઈ પી. ગાંધી-મંત્રી**
**કિશોરભાઈ એન. મિસ્ત્રી-સહમંત્રી**

## શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના એકાઉન્ટ નંબર

આપનો ફાળો શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના નામે
નામે યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના
ખાતા નં. 605202010006175
IFC Code UBIN0560529
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
અધ્યક્ષશ્રી - નવિનભાઇ ચુનીભાઇ પંચોલી-વ્યારા

સમાજ સુરક્ષા યોજના
રજી. નં.: A/1822/ભરૂચ

# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના
# સને ૨૦૧૯-૨૦

નામ :

અટક નામ પિતા/પતિનું નામ

જન્મ તારીખ :........................

પત્ર વહેવારનું સરનામું..........................................................................................

..........................................................................................................

..........................................................................................................

પીનકોડ.................................ફોન : (ઘર) ................................ (ઓ) ..............................

મો : ........................................................................ ઈમેલ : ............................................

અરજી વખતે કોઇ બીમારીની માહિતી........................................................................................

આ સાથે દાખલ ફી રૂા.......................+ વાર્ષિક ફાળાની રકમરૂા. ૨૫૦/-

કુલ રકમ.............................................. રોકડા/મ.ઓ./ડ્રાફટ થી મોકલ્યાં છે.

મારા મૃત્યુ પછી સહાય નીચેના વારસદારને મળે તેવી વિનંતી છે.
વારસદારનું નામ :..........................................................................................

૧. આથી હું જાહેર કરું છુ કે સભ્ય થતી વખતે મને હૃદયની બીમારી, કીડનીની બીમારી, કેન્સર,બાયપાસ, એઈડ્સ કે અન્ય ગંભીર બીમારી નથી

૨. સમાજ સુરક્ષાના પાછળ મુજબના નિયમો મેં વાંચ્યા છે. અને તે મને કબૂલ મંજૂર છે.

૩. જે વ્યકિત આ યોજનામાં દાખલ થતા એક વર્ષની અંદર મૃત્યુ પામે તો નિયમ મુજબ વિમાની રકમ મળવા પાત્ર નથી.

સભ્યની સહી..........................................

| ઉંમર | દાખલ ફી | | વાર્ષિક ફાળો |
|---|---|---|---|
| ૫ થી ૨૦ વર્ષ સુધી | ૬૦૦ | + | ૨૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૨૦ વર્ષ કે તેથી વધુ ૩૦ વર્ષ અંદર | ૮૦૦ | + | ૨૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૩૦ વર્ષ કે તેથી વધુ ૪૦ વર્ષ અંદર | ૧,૨૦૦ | + | ૨૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૦ વર્ષ કે તેથી વધુ ૪૫ વર્ષ અંદર | ૨,૦૦૦ | + | ૨૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૫ વર્ષ કે તેથી વધુ ૫૦ વર્ષ સુધી | ૫,૦૦૦ | + | ૨૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |

ઉંમરનો પૂરાવો, જન્મ તારીખનો દાખલો, સ્કુલ સર્ટીફીકેટ અથવા આ બન્ને ઉપલબ્ધ ન હોય તો એફીડેવીટ સ્વીકારવામાં આવશે.

નોંધ : ફાળાની રકમ રોકડા,M/o.અથવા ડીમાન્ડ ડ્રાફટથી મોકલવી. ડ્રાફટ શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના નામે મોકલવાના રહેશે.

## આ યોજનાની ઓફીસનું સરનામું

**અધ્યક્ષ**
**શ્રી નવિનચંદ્ર ચુનીલાલ પંચોલી**
૪૫, રામકબીર નગર, સ્ટેશનરોડ,
વ્યારા-૩૯૪ ૬૫૦ જિ. તાપી
ફોન : ૦૨૬૨૬ - ૨૨૨૪૭૨
મો. ૦૯૯૯૮૭ ૭૮૦૮૬
૯૦૩૩૨ ૦૫૬૫૯

**મંત્રી**
**રાજેશભાઈ પી. ગાંધી**
મહાદેવનગર, હરીનગર-૨
ની પાછળ, ઉધના, સુરત
મો : ૯૮૨૫૨ ૧૩૦૯૨

**સહમંત્રી**
**કિશોરભાઈ એન. મિસ્ત્રી**
ગોવિંદ વિજય, રાધેશ્યામ મંદિર પાસે
બીલી ચાર રસ્તા, બીલીમોરા
મો : ૯૪૨૭૮ ૬૪૧૫૦

જરૂર પડેથી અરજીપત્રકની ઝેરોક્ષ કઢાવી શકાશે.

**યુનીયન બેંક ઓફ ઈન્ડિયા - A/C 605202010006175**
**IFC Code : UBIN0560529**

રજી. નં.: A/1822/ભરૂચ

# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના
# સને ૨૦૧૯-૨૦

| અ.નં. | સભ્ય નં. | સભ્યનું નામ | અત્યાર સુધીમાં ભરેલી રકમ વા. ફાળા સાથે | મૃત્યુબાદ ચુકવેલી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૫૬૬ | ઉર્મિલાબેન સુરેશચંદ્ર પંચોલી-વડોદરા | રૂા. ૩,૦૭૫/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૨ | ૭૨૧ | શ્રી જીતેન્દ્ર જીવણલાલ પંચોલી-વડોદરા | રૂા. ૩,૦૭૫/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૩ | ૩૫૧ | કૈલાશબેન હસમુખલાલ પંચોલી-ઉધના | રૂા. ૩,૫૨૫/- | રૂા. ૩૦,૦૦૦/- |
| ૪ | ૧૫૬૧ | રીમાબેન અનિલભાઈ પંચોલી-વ્યારા | રૂા. ૧,૭૭૫/- | રૂા. ૩૦,૦૦૦/- |
| ૫ | ૧૧૪૦ | શૈલેષભાઈ કાંતિલાલ પંચોલી-તેજગઢ | રૂા. ૩,૦૨૫/- | રૂા. ૩૦,૦૦૦/- |
| ૬ | ૩૨૩ | હરીવદનભાઈ શાંતિલાલ પંચોલી-સુરત | રૂા. ૩,૪૭૫/- | રૂા. ૩૦,૦૦૦/- |
| ૭ | ૪૭૯ | ભીખાભાઈ ડીકાભાઈ પંચોલી-અંકલેશ્વર | રૂા. ૩,૬૨૫/- | રૂા. ૩૦,૦૦૦/- |
| ૮ | ૬૬૯ | ઉષાબેન ભગવતપ્રસાદ પંચોલી-વડોદરા | રૂા. ૩,૬૨૫/- | રૂા. ૩૦,૦૦૦/- |
| ૯ | ૨૭૬ | ચંદ્રિકાબેન મગનલાલ પંચોલી-વ્યારા | રૂા. ૩,૬૨૫/- | રૂા. ૩૦,૦૦૦/- |
| ૧૦ | ૨૫૬ | બાબુલાલ હરગોવિંદાસ પંચોલી-અંકલેશ્વર | રૂા. ૩,૫૨૫/- | રૂા. ૩૦,૦૦૦/- |

**સને ૨૦૧૮-૨૦૧૯થી આપવામાં આવતી સહાયમાં રૂા. ૨૦૦૦/-નો વધારો કરી હવેથી રૂા. 30,000/- સહાય આપવામાં આવશે...**

પ્રિય જ્ઞાતિજનો ઉપરોક્ત માહિતીથી આપ સૌને જાણ થશે કે
ફક્ત મસાલા ઢોસાની કિંમતનો ફાળો વર્ષ દરમ્યાન ફક્ત એક વખત આ યોજના
હેઠળ ભરવાથી અવસાન દરમ્યાન આપની ફેમીલીને સહાયરૂપ બનવા માટે
આજે જ સભ્ય બનો અને બનાવો..
દરેક એકમના પ્રમુખશ્રી - મંત્રીશ્રી - મહિલા મંડળ તથા યુવા સંગઠનને વિનંતી કે
આપના એકમના તમામ જ્ઞાતિજનોનો સંપર્ક કરી
સમાજ સુરક્ષા યોજનાના વધુને વધુ સભ્ય બનાવો..
મોટા એકમમાં ૧૦થી વધુ નવા મેમ્બર બનાવરનારને અને નાના એકમમાં ૫ થી વધુ
નવા મેમ્બર બનાવનારને પુરસ્કૃત કરવામાં આવશે..

# પ્રેમ કે ઝનુન..... (હાસ્ય લેખ)

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી
અમદાવાદ



'આજે પ્રીતિબેન અને અમરભાઈને ડીનર પર બોલાવ્યા છે, તો મેનુમાં શું બનાવશે ?' પતિદેવે પૂછ્યું.

'શીરો, પૂરી - શાક અને દાળ - ભાત બનાવીશ' પત્નીએ જવાબ આપ્યો.

'હા, અને ફરસાણમાં બટાકાવડા બનાવજે, તારા બટાકાવડા એમને બહુ ભાવે છે.'

'ભલે, હું રસોઈની તૈયારી શરુ કરું છું, તમે મને જરા માર્કેટમાંથી એક કિલો બટાકા લાવી આપશો ?'

'બટાકા તું જ લઇ આવને, પ્લીઝ. એ લોકો આવી જાય તે પહેલાં મારે મારી ઓફિસનું થોડું અરજન્ટ પેન્ડીંગ કામ છે, તે પૂરું કરવાનું છે, માર્કેટમાં જવાનો ટાઇમ નથી મારી પાસે.'

'ઘરના કોઈ પણ કામ માટે તમારી પાસે ટાઈમ જ નથી હોતો. રોજ ઓફિસનું કામ ઘરે લઈને આવો છો, ગામ ગપાટા મારવાને બદલે ઓફીસનું કામ ઓફિસમાં જ પૂરું કરીને આવતા હોય તો ?'

'બટાકા જેવી રોજ બરોજના કામમાં આવે એવી અને અઠવાડિયું થાય તો પણ બગડી ન જાય એવી સામગ્રી તું પહેલાથી જ અને કાયમ ઘરમાં રાખી મુકતી હોય તો.'

'હવે તમે મને કહેશો કે મારે ઘરમાં શું કરવું જોઈએ અને શું નહિ ?'

'અને તું મને કહેશે કે મારે ઓફિસમાં શું કરવું જોઇએ અને શું નહિ ?'

'તમને કહીને શું ફાયદો ? લગ્ન પહેલાં તો માગ્યા વિના મારી મનગમતી વસ્તુઓ હોંશે હોંશે લાવી આપતા હતા, પણ હવે તો તમારે ગરજ સરી કે વૈધ વેરી.'

'સાવ એવું તો નથી હોં, હજી પણ તને તારા જન્મદિવસે સાડી, ડ્રેસ, પરફ્યુમ વગેરે લાવી આપું છું કે નહિ ? અને મેરેજ એનીવર્સરી પર બહાર ડીનર પર લઇ જાઉં છું, ક્યારેક મૂવી તો ક્યારેક ડ્રામા જોવા પણ લઇ જાઉં છું કે નહિ ?'

'એની હું ક્યાં ના પાડું છું, પણ મને જોઈતી હોય ત્યારે મદદ ના કરો એનો શું ફાયદો ? અને મદદમાં પણ માત્ર સોસાયટીના નાકેથી બટાકા જ તો મંગાવ્યા છે ને ? તો પણ તમે કામના બહાના કાઢો છો. જવા દો, તમારી પાસે કોઈ કામની આશા રાખવી જ નકામી, હું જ કંઈ મેનેજ કરી લઉં છું.'

'અભાર.'

'નથી જોઈતો તમારો આભાર મને. આજના ન્યુઝ પેપરમાં તમે પણ આ સમાચાર તો વાંચ્યા તો હશે જ, કે પત્ની તોસ્યાએ ઘરના બેઝમેન્ટમાં બટાકા મૂકવા માટે પતિ અરકેલ્યાનને એક રૂમ બનાવવા કહ્યું, તો પતિએ ૨૩ વર્ષ સુધી ૩૦૦૦ ચોરસ ફૂટ ખોદકામ કરીને આખો મહેલ બનાવી દીધો, આને કહેવાય સાચો અને પ્રગાઢ પ્રેમ, સમજ્યા ?'

'સાચો અને પ્રગાઢ પ્રેમ કોને કહેવાય એ વિષે ઘણા મતમતાંતરો અને માન્યતાઓ છે. આગ્રાના તાજમહાલની જ વાત લઈએ, તો લોકો તાજમહાલને શાહજહાંના એની પત્ની મુમતાઝ પ્રત્યેના પ્રેમની અમર નિશાની ગણે છે. એક ગીતકારે તો એના પર ગીત પણ રચ્યું છે, - એક શહેનશાહને બનાવાકે હંસી તાજમહાલ, સારી દુનિયાકો મુહાબ્બત કી નિશાની દી હૈ.....અને કેટલાક બુદ્ધિમાન ગણાતા લોકોએ શોધી નાખ્યું છે કે – શાહજહાંની સાત પત્નીઓમાં મુમતાઝ એની ચોથી પત્ની હતી, મુમતાઝ સાથે લગ્ન કરવા શાહજહાંએ એના પતિને મારી નાખ્યો હતો, મુમતાઝ એની ચૌદમી ડીલીવરીમાં મરી ગઈ હતી અને મુમતાઝના મૃત્યુ પછી શાહજહાં મુમતાઝની બહેનને પરણ્યો હતો.'

'તોસ્યા અને અરકેલ્યાન ની વાતમાં શાહજહાં અને મુમતાઝ ક્યાંથી ઘુસી ગયા ? લાગે છે તમે એ સમાચાર

પંચોલી નવયુગ શુભચિંતક સ્વ. છોટાલાલ ઈશ્વરલાલ પંચોલી વડોદરા શ્રી ઈશ્વરભાઈ જગજીવનદાસ પંચોલી વડોદરા

ધ્યાન થી વાંચ્યા જ નથી, અને એટલે જ મારી વાત સમજ્યા નથી.'

'મેં એ સમાચાર વાંચ્યા છે, અને હું તો આખી વાત સમજી ગયો, પણ તું જ વાત નથી સમજી.'

'હું શું વાત નથી સમજી, સમજાવશો મને ?'

'સમજાવું, યેરેવાન એજન્સીએ જણાવેલા સમાચાર મુજબ, આર્મોનિયાના આરિન્જ ગામમાં રહેતા લેવોન અરકેલ્યાનને એની પત્ની તોસ્યા ધારીબિને, ઘરના બેઝમેન્ટમાં બટાકા મૂકવા માટે એક રૂમ બનાવવાનું કહ્યું હતું. પણ લેવોને ૩૦૦૦ ચોરસ ફૂટ જમીન ખોદી, ૬૦૦ ટ્રક ભરીને માટી અને પથ્થરો કાઢ્યા. એ માટે એણે ૨૩ વર્ષ સુધી રોજ ૧૮ કલાક ખોદકામ કરીને આખો મહેલ બનાવી દીધો.'

'હું તમને એ જ તો કહી રહી છું, આવા - પાણી માંગો તો દૂધ હાજર કરે - એવા એટલે કે લેવોન જેવા પતિદેવ આ ધરતી પર કેટલા ?'

'પણ તું પૂરી વાત સાંભળ તો ખરી. ૨૦૦૮ માં આ મહેલની એક દીવાલ તૂટી ગઇ હતી, જેના લીધે પતિ લેવોનને હાર્ટએટેક આવ્યો અને ૬૭ વર્ષની વયે એનું અવસાન થયું.'

'હા, એ સમાચાર જાણીને મને દુખ તો થયું, જો કે પત્નીએ એને આ કામ કરતા રોકવાનો પ્રયત્ન તો કર્યો હતો, પણ તેઓ રોકાયા નહિ, પત્ની પ્રત્યે એમને ગજબનાક પ્રેમ હતો.'

'એને પ્રેમ નહિ ઝનુન કહેવાય. હું ઓફિસનું કામકાજ છોડીને આવું ખોદકામ કરું તો પહેલી તારીખે તારા હાથમાં મૂકું છું, એ પગાર મૂકી ન શકું. અને એવું થાય તો પછી, આપણી પાસે બટાકા મૂકવાના તો છોડ, બટાકા લાવવાના પૈસા પણ રહે નહિ.'

'હા, તમારી એ વાત તો સાચી છે, હોં.'

'અને બીજી વાત – આપણે ફ્લેટમાં રહીએ છીએ, માત્ર ફ્લેટની માલિકી આપણી છે, જમીનની નહિ, એટલે મારે ખોદકામ કરવું હોય તો પણ જમીન ક્યાંથી લાવવી ?'

'એ વાત પણ સાચી.'

'અને ત્રીજી વાત, લેવોને તો બિલ્ડીંગ બાંધકામની ટ્રેનીગ લીધી હતી, એટલે એણે જમીન ખોદીને મહેલ બનાવ્યો, એને મધ્યયુગની ઇમારતની શકલ આપી. એમાં ગુફાઓ અને નહેરો બનાવ્યા, ગોળાકાર દરવાજા બનાવ્યા, દીવાલો પર મોટા મોટા શિલ્પો બનાવ્યા.'

'હા, પત્ની તોસ્યા અહીં આવતા પર્યટકોને મહેલના તમામ ૭ રૂમ બતાવીને કહે છે, કે - તે તેમના પ્રેમની નિશાની છે, લેવોન ૨૩ વર્ષ સુધી રોજના ૧૮ કલાક ખોદકામ કરતા હતા, કેમ કે તેમને વિશ્વાસ હતો કે ઇશ્વર તેમને મદદ કરી રહ્યો છે.'

'અને હું જો અહી ફ્લેટમાં ૨ કલાક પણ ખોદકામ કરું તો આપણી નીચેના માળવાળા પટેલભાઇ એમના ફ્લેટની છત તોડી પાડવાના ગુનાસર પોલીસને કમ્પ્લેન કરીને મારી ધરપકડ કરાવડાવે. અને સોસાયટીના બગીચામાં ખોદકામ કરું તો ચેરમેન મને સોસાયટી નિકાલ કરે, સોસાયટીની બહાર જઇને રસ્તા પર ખોદકામ કરું તો નગર નીગમવાળા મને પકડીને પાગલખાનામાં મૂકી આવે.'

'એ બધું તો ઠીક પણ મૂળ વાત તો એ છે કે, આપણી પાસે એક રૂમમાં મૂકવા જેટલા બટાકાની તો નથી જ, પણ મહેમાનો આવે ત્યારે બટાકાવડા બનાવાય એટલા બટાકા પણ ઘરમાં નથી.'

'તો પછી હું ખોદકામ કરીને મારો પ્રેમ સાબિત કરવાને બદલે મારી ઓફિસનું પેન્ડીંગ કામ પતાવી લઉં, પ્લીઝ ?'

'હા, પતાવો. અને હું બટાકાવડાને બદલે મેથીના ગોટા બનાવી લઉં છું.'

## ગીતા સાર

જે થયું તે સારું થયું, જે થઇ રહ્યું છે તે સારું થઇ રહ્યુ છે. જે થશે તે સારું જ થશે.. તમારું શું ગયું જેથી તમે રડો છો. તમે સાથે શું લાવ્યા હતાં, જે તમે ગુમાવ્યું. તમે શું સર્જન કર્યુ, જે નાશ પામ્યું. તમે જે લીધું તે અહિંયાથી જ લી, અને અહિયાથી જ આપ્યું.. આજે એ તમારું છે, તે કાલે બીજા કોઇનું હતું અને કાલે બીજા કોઇનું થઇ જશે...

ભાગ્ય કરતા વધુ કોઇને મળ્યુ નથી અને સમય કરતાં પહેલા કોઇને મળતુ નથી...

શકુંતલાબેન એસ. પંચોલી-વ્યારા

# સંસ્થા સમાચાર

## પંચોલી સમાજ-અમદાવાદ

તા. ૦૮.૦૩.૨૦૧૯ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિન' નિમિત્તે રવિશંકર રાવળ કલાભવનલ એલિસબ્રીજ અમદાવાદમાં ગુજરાતની ૨૩ મહિલા કલાકારોનાં ચિત્રોનું પ્રદર્શન યોજાયું. કલાગરૂ શ્રી જય પંચોલીનું સીનીયર આર્ટિસ્ટ તરીકે બુકેથી બહુમાન કરાયું.

'ઈન્ટર નેશનલ આર્ટ ફિએસ્ટા-૨૦૧૯' નેપાલ - ઈન્ડિયાના ઉપક્રમે અમદાવાદની ગુફા કેમ્પસમાં ગુજરાતના ૩૨ કલાકારોનાં ચિત્રોનું પ્રદર્શન યોજાયું. ત્યારબાદ નેપાલ ખાતે પણ પ્રદર્શિત થશે. સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ હતા. સીનીયર કલાકાર તરીકે કલાગુરૂ કલાકાર શ્રી જય પંચોલીનું બુકે અને સ્મૃતિ ચિન્હથી સ્વાગત કરાયુ. ચિત્રકાર શ્રી ચીત્રમ રાજુલ સજુલ એમ. પંચોલીનું પણ સ્મૃતિ ચિન્હ બુકે અને સટીફિકેટથી સ્વાગત કરાયું.... સૌને અભિનંદન....

## સ્વયં - સુરત (ધૂળેટી સેલીબ્રેશન)



દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વયં સુરતના સભ્યોએ ધૂળેટીનો તહેવાર સાથે મળીને ઉજવવાનું નક્કી કર્યુ હતું. આ સેલિબ્રેશનમાં સુરત સ્વયુના ૧૮ સભ્યો હાજર રહ્યા હતાં.

બધા સભ્યો મૃદુતાના ઘર ભેગા થયા હતાં. તથા રંગબેરંગી ગુલાલ સાથે તથા ફુગ્ગા પીચકારી તથા ગુલાલ સાથે એકબીજા સાથે ધૂળેટીની મઝા માણી. ત્યારબાદ ઠંડાઈ અને સમૂહમાં ભોજનનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ આનંદ મસ્તી માણી સૌ ૨.૩૦ કલાકે છુટા પડ્યા.

## યુવા મંચ આવિષ્કાર ગ્રુપ-મુંબઈ



શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ દ્વારા સંચાલિત યુવા મંચ આવિષ્કાર ગ્રુપ દ્વારા રંગપંચમી હોળી સેલિબ્રેશન ૨૦૧૯નું આયોજન તા. ૨૧.૦૩.૨૦૧૯ના રોજ મીરારોડ ખાતે કરવામાં આવ્યું હતું.

શાંતિનગર, સેક્ટર ૬, સી-૩ના ગ્રાઉન્ડમાં યુવા મંચ આવિષ્કાર ગ્રુપના ૨૫ સભ્યો નિરધારીત કરેલ સમય મુજબ સવારે ૧૦ કલાકે સૌ ભેગા મળ્યા હતા. લાલ, લીલા, પીળા, ભુરા અને ગુલાબી જેવા સપ્તરંગી રંગોનો માહોલ રંગીન હતો. સર્વે સભ્યોએ એકબીજા પર રંગોથી રંગ્યા. વડા-પાવ, સમોસા અને ઠંડાઈનો આનંદ માણ્યો. એ સાથે હોળી-ધૂળેટીના ગીતો પર નૃત્ય કરી ઉજવણી કરી હતી.

પાણી બચાવોના સંદેશ સાથે 'પર્યાવરણ જાગૃતિ' માટે ઈકો-ફ્રેંડલી રંગોનો ઉપયોગ કરવામાં આયો હતો. હસી-મજાક અને મોજ મઝાનો માહોલ યાદગાર રહ્યો. રામનવમી ઉજવણી પ્રસંગે ભેગા મળવાનું નક્કી કરી સૌ છૂટા પડ્યા...



# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



તેજસ્વી મહિલા મંડળ વડોદરા કારોબારી સભ્યોની મિટિંગ તા. ૧૨.૦૩.૨૦૧૯ને મંગળવારના રોજ પ્રજ્ઞાબેન બી. પંચોલી તરફથી કમાટીબાગમાં બપોરના ૩.૩૦ કલાકે રાખવામાં આવી જેમાં તમામ કારોબારી સભ્યોએ હાજરી આપી.

મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. પ્રજ્ઞાબેન તરફથી ચોકોબાર ખવડાવી સૌનું સ્વાગત કરવામાં આવ્યું. બધી બહેનો ઈ-કારમાં બેસી કમાટીબાગની સફર કરી અને બાગમાં આવેલ જુદા જુદા વિભાગોની મુલાકાત લીધી.

'હોલી રંગોલી' કોમ્પીટીશન રાખવામાં આવી જેમાં હોલી પેઇન્ટીગ ઘેરથી તૈયાર કરી લાવવાનું હતું. જેમાં બહેનો ઘરેથી પેઇન્ટીગ કરીને લાવી હતી જેનું નિદર્શન કરવામાં આવ્યું જેમાં નિતાબેન એસ. પ્રથમ અને આનંદીબેન દ્વિતીય વિજેતા જાહેર થયા. વિજેતા બહેનોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

ત્યારબાદ હોલી સેલીબ્રેશન કરવામાં આવ્યુ. જેમાં બહેનોએ એકબીજાને રંગો વડે હેપી હોલીની શુભેચ્છાઓ પાઠવવામાં આવી. પિચકારી વડે પાણીથી હોલી રમવામાં આવી ત્યારબાદ ધાણી-ચણા અને ખજૂર ખાધા.

પ્રજ્ઞાબેન તરફથી એક મિનિટ ગેમ રમાડવામાં આવી જેમાં પ્રથમ વિજેતા લીનાબેન તથા દ્વિતીય વિજેતા સુરેખાબેન થયા. ત્યારબાદ હાઉસી રમાડવામાં આવી. ગાર્ડન પીકનીક, હોલી પેઇન્ટીગ કોમ્પીટીશન અને હોલી સેલીબ્રેશનની સૌ બહેનોએ મઝા માણી.

અંતમાં ગાર્ડનમાં સમૂહ ભોજનનો આનંદ માણ્યો. પિકનીકનું સુંદર આયોજન અને સ્વાદિષ્ટ ભોજનના આયોજન બદલ પ્રજ્ઞાબેન તથા તેમના પરિવારજનોનો આભાર વ્યકત કર્યો. આગામી મિટિંગ જ્યોતિબેન એસ. પંચોલીના નિવાસ સ્થાને રાખવાનું નક્કી કરી સૌ છુટા પડ્યા.

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

પ્રગતિ મહિલા મંડળની મિટિંગ તા. ૨૪.૦૨.૨૦૧૯ના રોજ રાખવામાં આવી હતી. પ્રથમ બહેનોને આવકાર આપી અમિષાબેનની સુંદર પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. તા. ૧૪ ફેબ્રુઆરીના રોજ પુલવામા માં થયેલ આત્મઘાતી હુમલામાં શહિદ થયેલ સી.આર.પી.એફના જવાનો તથા પદમાબેન કાંતિલાલ પંચોલીને શ્રધ્ધાંજલી આપવામાં આવી. હેતલબેને સરપ્રાઈઝ ગેમ રમાડી જેના વિજેતા ઉષાબેન સુરેશભાઇ પંચોલી બન્યા. આ માસમાં આવતી બર્થડે-મેરેજ એનીવર્સરી વિશ કરવામાં આવી. કુસુમબેને 'મહેનતનું મુલ હોય, ધાવણનું મુલ ના હોય' સુંદર વાર્તા રજુ કરી.

મહિલા સંગઠનના પ્રોજેકટ મુજબ સ્ત્રીઓમાં સજાગતા કેળવાય તેવા પ્રયત્નો હેઠળ તા. ૨૦.૦૧.૨૦૧૦ના રોજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી બહેનોના પેપ ટેસ્ટ(ગર્ભાશય કેન્સર) કરાવવામાં આવ્યા જેના રીપોર્ટ બહેનોને મિટિંગ દરમ્યાન આપવામાં આવ્યા.

આજ રોજ ચીકી બનાવવાની સ્પર્ધા રાખવામા આવી જેના નિર્ણાયક તરીકે રઝીયાબેને સેવા આપી. પ્રથમ ક્રમે સિધ્ધિ બેન એચ. ગાંધી અને દ્વિતીય ક્રમે કુસુમબેન વિજેતા થયા.

નિર્ણાયક રઝીયાબેન કુકીંગ એકસપર્ટ હોવાથી ચોકલેટ બનાવવાની રીત શીખવાડી તથા વાનગી બનાવતી વખતે આવતી મુશ્કેલીઓના પ્રશ્નોના ઉત્તર આપ્યા હતાં.

ફેબ્રુઆરી માસ હોવાથી વેલેન્ટાઈન ડે નિમિત્તે પીક કલરનો ડ્રેસ કોડ રાખવામાં આવ્યો હતો. દરેક બહેનોએ

એકબીજાને ગુલાબના ફુલ આપી વેલેન્ટાઇન ડેની વીશ કરી.

ચંદી પડવા નિમિત્તે મહિલા મંડળની બહેનોએ ઘારીનું વેચાણ કર્યુ હતુ તે નિમિત્તે સમાજ તરફથી રૂા. ૨૦૦૦/- આપવામાં આવ્યા તે બદલ પ્રમુખશ્રી હિતેશભાઇ ગાંધી અન હોદ્દેદારોનો મહિલા મંડળ આભાર વ્યકત કર્યો. નિર્ણાયક શ્રી રઝીયાબેનને સ્મૃતિભેટ આપી. રજવાડી ભેળનો નાસ્તો કરી છુટા પડયા.

તા. ૨૫.૦૨.૧૯ના રોજ ઇનરવ્હીલ કલબ અને પ્રગતિ મહિલા મંડળ દ્વારા આગ સલામતી સુરક્ષા અંતર્ગત આગ વખતે સ્વબચાવ અને આગને નિયંત્રિત કરવાની તરકીબો લાઇવ બતાવવામાં આવી હતી.

૧૫૧ આનંદીબેન ભરતભાઇ પંચોલી-પુત્રી પલકના લગ્ન નિમિત્તે

૧૦૧ ગીતાબેન ભૂપેન્દ્રભાઇ પંચોલી-પુત્ર ગૌરવના લગ્ન નિમિત્તે.

૧૦૧ શીતલબેન મયુરભાઇ ગાંધી-તનીશા અને રાગીની બર્થડે નિમિત્તે.

૫૦ રીટાબેન રાકેશભાઇ ગાંધી-બર્થડે નિમિત્તે

૫૧ ગીતાબેન ભૂપેન્દ્રભાઇ પંચોલી-એનીવર્સરી નિમિત્તે

૫૧ અંજલીબેન પરેશભાઇ પચ્ચીગર-એનીવર્સરી નિમિત્તે

૫૧ અલ્પાબેન નિલેશભાઇ પંચોલી-એનીવર્સરી નિમિત્તે

૫૧ અલ્પાબેન નિલેશભાઇ પંચોલી ઇનરવ્હીલ કલબ આયોજીત ફનફેરમાં તૃતીય નંબરે વિજેતા થયા તે નિમિત્તે

દાતાઓનો ખૂબ ખૂબ આભાર

## અનુકરણિય

રૂા. ૨૫૦૧/- અંકલેશ્વર નિવાસી ગં.સ્વ. જયોત્સનાબેન બાબુભાઇ પંચોલી તરફથી સ્વ. બાબુભાઇ હરગોવનદાસ પંચોલીના સ્મરણાર્થે નવયુગને ભેટ


## આપણું ગૌરવ



વડોદરાના શ્રીમતિ સુરેખાબેન ભરતભાઇ પંચોલીએ નેશનલ લેવલ આર્ટ કોમ્પીટીશન(મુંબઇ) માં રંગોત્સવ સેલીબ્રેસનમાં આર્ટ ટીચર તરીકે ‘કલા તપસ્વી એવોર્ડ’ તથા દિલ્હી ખાતે બેસ્ટ આર્ટ ટીચર તરીકે ‘અવન્તિકા અટલ સન્માન નેશનલ એવોર્ડ-૨૦૧૮-૧૯’ મળ્યા છે.. વડોદરા એકમ તથા સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.... તથા વધુ પ્રગતિ માટેની હાર્દિક શુભેચ્છાઓ...




સુરતના રશ્મીબેન અનિલભાઇ પંચોલી સમગ્ર ઇન્ડિયામાંથી કેરગીવર્સ રનર અપ તરીકે પસંદગી પામ્યા. સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન....



## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૧૦૦/- નવસારી(ઉનાઈ) નિવાસી શ્રી અશોકભાઈ રણછોડભાઈ પંચોલી તરફથી નવયુગ ભેટ

રૂા. ૫૦૧/- મુંબઈ(વસઈ) નિવાસી શ્રીમતિ રચનાબેન હેમિલકુમાર મિસ્ત્રી તરફથી પિતાશ્રી સ્વ. બાબુભાઈ હરગોવનદાસ પંચોલીના સ્મરણાર્થે નવયુગ ભેટ

## એક વાર જાવુ હરીના ધામમાં



મુંબઈ નિવાસી કલાબેન દિલીપકુમાર પંચોલી તા. ૧૩.૦૩.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે.

ઉ.વ. ૬૧



સુરત નિવાસી નંદલાલ જેકીશનદાસ ગજ્જર તા.૧૧.૦૩.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે.

## હેપી બર્થડે...



ચિ. નિષ્કા કૃણાલકુમાર મિસ્ત્રી-બીલીમોરા
તા. ૯.૦૪.૨૦૧૫



ચિ. આધ્યા જતીનભાઈ પંચોલી-વ્યારા
તા. ૧૧.૦૪.૨૦૧૩

## દેવના દિધેલ....



મુંબઈ નિવાસી જયકુમાર મુકેશભાઈ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'જયનીત'નો જન્મ તા. ૦૪.૦૩.૨૦૧૯ના રોજ થયો.
માતા : બિનીતાબેન

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. રમેશચંદ્ર વિઠ્ઠલભાઈ પંચોલી અમદાવાદ | શ્રી રમેશભાઈ વલ્લભભાઈ મપારા અમદાવાદ

EARTH DAY

Book-Post

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**